# ભાગો, ભાગો, અજગર આવ્યો !

– રમેશ પારેખ



જંગલમાં મોટો અજગર રહે. પહેલાં તો હરણ, સસલાં, મોર ને હાથી હતાં, વાઘ ને સિંહ પણ હતાં. અજગર એક પછી એક એમ કરતાં બધાંને ખાઈ ગયો. જંગલ ખાલીખમ થઈ ગયું.

એક વાર ચાંદો ને સૂરજ જંગલમાં રખડવા નીકળ્યા. અજગર એક ઝાડ નીચે સૂતો હતો. તેને વાસ આવી. થયું : હમ્, જંગલમાં કોઈક આવ્યું છે. એને ખાવાની મજા પડશે. એ દોડ્યો સડસડાટ. એણે જોયું તો ચાંદો ને સૂરજ. અજગરે તરત ભોંયરા જેવું મોઢું ઉઘાડ્યું અને ટપ દઈને ચાંદાને અને સૂરજને ગળી ગયો. અજગરના પેટમાં અંધારું હોય. ચાંદાને અને સૂરજને અંધારાની બહુ બીક લાગી. એ બેઉ જણ જોરજોરથી રડવા માંડ્યા.

ચાંદાની મમ્મીનું નામ રાતબહેન. ચાંદો ઘેર આવ્યો નહીં એટલે રાતબહેન એની રાહ જુએ : અરે, જમવાનો સમય થયો તોય આ રખડુ આવ્યો નહીં. ચાલ, એને શોધી લાવું, એમ કહી રાતબહેન ચાંદાને શોધવા નીકળ્યાં. એ તો બધે જુએ પણ ક્યાંય ચાંદો મળ્યો નહીં. અંતે આવ્યાં

જંગલમાં. ચાંદો ને સૂરજ અજગરના પેટમાં બેઠાં બેઠાં રડતા હતા. તેમનો અવાજ રાતબહેને સાંભળ્યો. આમતેમ જુએ પણ ચાંદો દેખાતો નથી. વિચાર કરે : ક્યાં હશે ચાંદો ?

એણે જોયું તો અજગર ઝાડ નીચે બેઠો બેઠો ડોળા ડબકાવે છે. રાતબહેન આસ્તેથી અજગરની પાસે આવ્યાં. અજગરને ભૂખ લાગી નહોતી એટલે તેને રાતબહેનની વાસ આવી નહીં. રાતબહેને કાન માંડીને સાંભળ્યું તો ચાંદાનો રડવાનો અવાજ અજગરના પેટમાંથી આવે છે એ ખબર પડી.

રાતબહેન તો રડી પડ્યાં. આ અજગરિયો મારા ચાંદાને ગળી ગયો છે. હવે એને બહાર કેમ કાઢું ?

એ રડતાં રડતાં ગયાં એની બહેન પાસે. રાતબહેનની બહેનનું નામ ઊંઘબહેન. રાતબહેન કહે : મારા ચાંદાને પેલો અજગર ગળી ગયો છે. એના પેટમાંથી ચાંદાને બહાર કેવી રીતે કાઢું ? તું કાંઈ ઉપાય બતાવને, બહેન.

ઊંઘબહેન કહે : ‘અરે, એમાં તે શું મોટી વાત છે ? ચાલ, ચપટી વગાડતાંક ચાંદાને બહાર કાઢી લાવીએ.’

રાતબહેન રાજી રાજી થઈ ગયાં. કહે : ચાલ, બહેન ચાલ...

બંને આવ્યાં જંગલમાં. અજગર ઝાડ નીચે મોટા મોટા ડોળા ડબકાવતો બેઠો હતો. ઊંઘબહેન સાવ ટચુકડાં થઈને અજગરની આંખમાં જઈ બેસી ગયાં. અજગરની આંખો બંધ થઈ ગઈ અને એ તરત સૂઈ ગયો.

ઊંઘબહેન હસતાં હસતાં કહે : લ્યો રાતબહેન, અજગરનું મોઢું ખોલીને તમારા ચાંદાભાઈને બહાર કાઢી લ્યો.

રાતબહેન કહે : મને બીક લાગે છે.

ઊંઘબહેન કહે : સાવ બીકણ છે તું તો. અજગર તો ઘસઘસાટ સૂતો છે. કાંઈ નહીં થાય. ઉઘાડ એનું મોઢું ને જા, પેટમાં જઈને ચાંદાને બહાર કાઢ.

રાતબહેને હળવેકથી અજગરનું મોઢું ખોલ્યું. એના મોઢામાં ગયાં. પેટમાં ઊતર્યાં ને ઝટ ઝટ ચાંદાને તથા સૂરજને તેડીને બહાર નીકળી ગયાં.

ત્યાં તો સૂરજને શોધતા શોધતા સૂરજના પપ્પા દિવસભાઈ આવ્યા. સૂરજ પપ્પાને જોઈ રડતાં રડતાં વળગી પડ્યો. દિવસભાઈએ સૂરજને અને ચાંદાને ચોકલેટ આપી એટલે બેઉ છાના રહી ગયા.

રાતબહેન ખોટું ખોટું ખિજાઈને બોલ્યાં : હવે આમ રડવા નીકળશો તો બે કાન વચ્ચે માથું કરી દઈશ.

દિવસભાઈ કહે : ચાલો ચાલો, અજગર જાગે તે પહેલાં અહીંથી ભાગી જઈએ.

રાતબહેન કહે : 'હા, હા, ચાલો, ચાલો. રાતબહેને ઝટઝટ ચાંદાને તેડી લીધો. દિવસભાઈએ ઝટઝટ સૂરજને તેડી લીધો ને ભાગ્યા.'

ઊંઘબહેન અજગરની આંખમાંથી બહાર નીકળ્યાં ને ઊડી ગયાં.

અજગર જાગી ગયો. તેનું પેટ ખાલીખમ થઈ ગયું એટલે ભૂખ લાગી. અજગરને થયું : હજુ હમણાં ચાંદાને સૂરજને ગળી ગયો હતો તોય મને કેમ ભૂખ લાગી ?

અજગરે શ્વાસ લીધો તો રાતબહેનની ને દિવસભાઈની ને ચાંદા-સૂરજની તેને વાસ આવી. એ તો સડસડાટ દોડ્યો પાછળ પાછળ.

દિવસભાઈએ પાછું વળીને જોયું તો અજગરને દોડતો આવતો જોયો તેણે કહ્યું : રાતબહેન, ભાગો ભાગો, અજગર આવ્યો...

રાતબહેન કહે : ભાગો, ભાઈ, ભાગો...

અજગર તો ફાસ ફાસ દોડે. જોતજોતામાં એ સાવ પાસે આવી ગયો.

રાતબહેન ગભરાયાં. હવે શું કરવું ? એ જલદી જલદી કહે : દિવસભાઈ, માર્યા... જમીન પર તો આ અજગરિયો આપણને પકડી પાડશે. ચાલો, આકાશમાં ભાગી જઈએ.

દિવસ કહે : અરે, હા હા, ભાગો એકદમ...

બેઉ જણ ફરરર કરતાં આકાશમાં ભાગ્યાં. અજગર ખરેખરો ખિજાયો. એ આકાશમાં જઈ શકે નહીં. એટલે એક ઊંચા ઊંચા પર્વત ઉપર ચડ્યો અને રાતબહેન અને દિવસભાઈને પકડવા ઊંચા થઈ તેણે મોઢું ફાડ્યું.

રાતબહેન ચાંદાને તેડીને ઘડીક આમ ભાગે તો ઘડીક તેમ ભાગે. દિવસભાઈ સૂરજને તેડી ઘડીક આમ ભાગે તો ઘડીક તેમ. અજગર એને પકડવા ઘડીક આમ મોઢું ફેરવે તો ઘડીક તેમ.

વારેવારે ભોંયરા જેવું મોઢું ઉઘાડે. નસકોરામાંથી સૂસવાટા બોલાવે. પણ કોઈને પકડી શકે નહીં.

ઘણાં વરસ થયાં. અજગર હજુ પર્વત ઉપર મોઢું ઉઘાડીને બેઠો છે. રાતબહેન ચાંદાને તેડીને આ બાજુથી પેલી બાજુ ભાગે છે.

ચાંદાને અજગરની બહુ બીક લાગે. અજગર ભોંયરા જેવું મોઢું ઉઘાડે એટલે ચાંદો રડી પડે. એનાં રૂપેરી રૂપેરી આંસુ નીચે ખરે... એ આંસુને સૌ કહે છે – ચાંદની.

સૂરજને પણ અજગરની બહુ બીક લાગે. અજગર ભોંયરા જેવું મોઢું ઉઘાડે એટલે સૂરજ રડી પડે. એનાં સોનેરી સોનેરી આંસુ નીચે ખરે. એનાં આંસુને સૌ કહે છે – તડકો.

અજગરનાં નસકોરાંમાંથી સૂસવાટા નીકળે, તેને સૌ કહે છે : પવન.

## ભારત જ્યારે સ્વર્ગ હતું

**ફાહિયાન એક ચીની યાત્રી હતા. હજારો વર્ષ પહેલાં તે ભારતમાં પ્રવાસ કરવા આવ્યા હતા. તે સમયે ભારત ખૂબ સંપન્ન હતું, ધન અને ધર્મ બંને બાબતોમાં. ત્યાં સુધી કે અહીંના લોકો ખોટું પણ ન બોલતા. ચોરોની ભીતિ નહોતી. એ માટે જ કોઈ સભ્ય ઘરે ન હોય, ત્યારે પણ ઘરે તાળું મારવામાં ન આવતું.**

**એક દિવસની વાત છે, ફાહિયાન ફરતાં ફરતાં પાટલીપુત્રની પાસે, મગધ સામ્રાજ્યના અધીનસ્થ એક રાજાની રાજ્યસભામાં પહોંચ્યા. ત્યાં તેણે જોયું કે બે ખેડૂતો પરસ્પરનો ઝઘડો ઉકેલવા માટે રાજા પાસે આવ્યા હતા. ફાહિયાન ખેડૂતોની વાત ધ્યાનથી સાંભળવા લાગ્યા. તે જાણવા ઈચ્છતા હતા કે આ દેશના લોકો કઈ વાત પર ઝઘડે છે.**

**પ્રથમ ખેડૂતે રાજાને ફરિયાદ કરી, – "મહારાજ, મેં આ વ્યક્તિને ખેતર વેચ્યું હતું. હવે ત્યાં માટી કે સોનું જે કંઈ પણ હોય તે આનું જ હોવું જોઈએ. આને તે ખેતરમાંથી સોના મહોરથી ભરેલો એક ઘડો મળ્યો છે, તે મને પાછો આપી રહ્યો છે. દુહાઈ છે મહારાજની, ન્યાય કરો. આ ઘડો હું કેમ લઉં ?"**

**બીજો ખેડૂત બોલ્યો, – "આનું કહેવું સાચું છે, અન્નદાતા. પરંતુ મેં તો ખેતર ખરીદ્યું હતું. સોનાથી ભરાયેલો ઘડો થોડો મેં ખરીદ્યો હતો ? ઘડો તો આનો જ થયોને ? હું તેને સ્પર્શ પણ ન કરી શકું." ફાહિયાન ખેડૂતની વાત સાંભળીને આશ્ચર્યચકિત થઈ ગયા. વિચારવા લાગ્યા કે અહીંયાં તો કોઈને સોનાની પરવા સુદ્ધાં નથી. આમનો ઝઘડો સોનું લેવા માટે નથી, પરંતુ ન લેવા માટે છે.**

**રાજાએ જ્યારે જોયું કે કોઈ સોનું લેવા તૈયાર નથી, ત્યારે નિર્ણય કરવામાં આવ્યો કે આ સોનું આખા ગામનું છે. તે આ ગામના હિત માટે કામમાં લેવામાં આવે.**

**બંને ખેડૂત પ્રસન્ન થયા. ફાહિયાનને લાગ્યું કે આ દેશ સ્વર્ગ છે, અને અહીંના લોકો મનુષ્ય નહીં પણ દેવતા છે.**